જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૧/૦૭/૨૦૨૦ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૦૭૧/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૦/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૧૧૩ | ૪૨ | ૯૧૫૫ | ૧૫૧૭૯ | ૪૨ | ૧૫૨૨૧ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૫૭ | 3 | ૪૨૬૦ | ૫૭૭૩ | 3 | ૫૭૭૬ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૧ | ૦ | ૪૧ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૦૩૦૮ | ૯૫ | ૧૦૪૦૩ | ૧૧૧૦૭ | ૭૫ | ૧૧૧૮૨ |
| કુલ | | ૨૩૭૧૯ | ૧૪૦ | ૨૩૮૫૯ | ૩૨૨૬૨ | ૧૨૦ | ૩૨૩૮૨ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૨૦ | ૫૯,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૭૫૩ | ૭,૫૦,૪૦૦/- |

# અપહરણકર્તા આરોપીની અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન :-

## અપહરણકર્તા આરોપી તથા ફરીયાદીની સગીરવયની બાળાને શોધી કાઢતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન તેમજ સુચના આધારે અમદાવાદ શહેરમાં સગીરબાળાઓ પર બનતા ગુના અટકાવવા સારૂ અને બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ જરૂરી સુચનાઓ કરેલ જે અનુસંધાને અત્રેના નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ પાર્ટ - A. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૦૦૦૯૩/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૩૬૩,૩૬૬ તથા પોક્સો એકટ કલમ ૧૧(૬),૧૨ તથા એટ્રોસીટી એકટ કલમ ૩(૨)(૫) તથા ૩(૨) (૫-અ) મુજબના ગુનાના કામે ફરીયાદીની સગીરવયની દીકરી ઉ.વ.૧૭ વર્ષ ૩ માસ નાનીને ગઇ તા:૦૭/૦૨/૨૦૨૦ ના રોજ બપોરના એકાદ વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન આ કામનો આરોપી ચિરાગ ઉર્ફે જીગર ઉર્ફે પંખો કિરટભાઇ બારોટ રહે. નારોલ ગામ રામબાગ તલાવડી પાસે બારોટવાસ નારોલ અમદાવાદ શહેર નાનો ફરીયાદીના ઘરેથી લલચાવી ફોસલાવી લગ્ન કરવા અથવા જારકર્મ કરવાના ઇરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઇ ગયેલ હોય જે ગુનાની તપાસ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એસ.સી.એસ.ટી સેલ કારંજ ભવન અમદાવાદ શહેર નાઓ તરફ તા. ૦૮/૦૨/૨૦૨૦ ના રોજ કરવામાં આવેલ ત્યારથી સદરી આરોપી નાસતો ફરતો હોય સદરી આરોપીને તથા ફરીયાદીની સગીરવયની દીકરીને હ્યુમન શોર્સિસ તેમજ મોબાઇલ ફોન કોલ ડીટેઇલ તથા મોબાઇલ ફોનટાવરનું એનાલિસીસ તથા હ્યુમન ઇન્ટેલિજન્સ એન્ડ ટેકનોલોજી નો ઉપયોગ કરી ખંતપુર્વક તપાસ કરી ફરીયાદીની સગીરવયની દીકરી તથા આરોપીને આજરોજ તા.૦૧/૦૭/૨૦૨૦ ના રોજ વહેલી સવારના શોધી કાઢી મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એસ.સી.એસ.ટી સેલ અમદાવાદ શહેર નાઓને સોંપવા તજવીજ કરેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા ખુબ જ સારી અને પ્રશંશનીય કામગીરી કરેલ છે.

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

૧. પો.ઇન્સ એસ.એ.ગોહિલ નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર. ૨. અ.હે.કો. હસમુખભાઇ ભાનુભાઇ બ.નં. ૪૧૬૦ તથા અ.પો.કો. મહેશભાઇ બાબુલાલ બ.નં.૧૩૦૬૪ તથા ગોવિંદસિંહ દીલીપસિંહ બ.નં. ૧૦૧૯૭ તથા વુ.પો.કો. માયાબેન ભગવાનદાસ બ.નં. ૪૬૦૮

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૭૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૪ કેસ કરી, ૫૮ વ્યક્તિઓને ઝડપી, ૪૯૪ લીટર દેશી દારૂ, ૨૦૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૪ બીયર ટીન, ૨ સ્કુટર અને ૩ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૭૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૦૭૪/૨૦૨૦**

**સાયબર ક્રાઈમઃ (૧)** તપન સ/ઓ અજયકુમાર પરીખ (ઉ.વ.૩૬) (રહે.રાજયશ રીવેરીયમ જી.બી.શાહ કોલેજે પાછળ વાસણા મ્યુનસીપલ પાર્ટી પ્લોટ પાસે વાસણા) એ તા.૩૦/૦૬/૨૦૨૦ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૪/૨૦૧૯ થી તા.૦૭/૦૫/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ ઓનલાઇન ઇન્ટરનેટના માધ્યમથી તપન પરીખના ખાતામાંથી બેન્ક એકાઉન્ટનો એક્સેસ મેળવી લઈ તથા તપન પરીખના સબંધીના ખાતામાંથી યુપીઆઇ મારફતે કુલ રૂપિયા ૮૫,૦૦૦/- ટ્રાન્જેકશન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.બી.બારડ ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ (૨)** નિલેશ બાલુભાઈ વાઘેલા (ઉ.વ.૪૭) (રહે. સેકટર-૧ નિર્ણયનગર રાણીપ) એ તા.૩૦/૦૬/૨૦૨૦ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૫/૨૦૧૯ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ નિલેશ વાઘેલાના બેન્કના ખાતાનો અથવા ડેબીટ કાર્ડના ડેટા ચોરી કરી અથવા કોઈપણ પ્રકારે મેળવી ડેટાનો ઉપયોગ કરી ઇન્ટરનેટ માધ્યમથી નિલેષ વાઘેલાના ખાતામાંથી કુલ રૂપિયા ૫૦૮૫/- અલગ-અલગ ટ્રાન્જેકશન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.બી.બારડ ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ (૩)** અશોકકુમાર અમૃતભાઇ પટેલ (ઉ.વ.૪૯) (રહે. પ્રગટ પુરષોતમ સોસાયટી બાલારામ સોસાયટી સામે રાણીપ) એ તા.૩૦/૦૬/૨૦૨૦ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૩/૨૦૨૦ ના રોજ મોબાઇલ નંબર ૯૫૧૨૧૮૬૯૫૦ તથા મોબાઇલ નંબર ૮૯૮૦૩૨૦૭૫૮ ના ધારકે અશોકકુમારને ફોન કરી ઓળખતા હોવાનુ જણાવી વિશ્વાસમાં લઈ પ્રધાનમંત્રી યોજના હેઠળ સિલાઈ મશીન ફ્રી મળતા હોવાનુ જણાવી યોજનાની સ્કીમ સમજાવી અશોકકુમાર પાસે બેન્કની પાસબુક તથા ચેકનો ફોટો મંગાવી મોબાઇલમાં આવેલ ઓ.ટી.પી મેળવી લઈ અશોકભાઈના ખાતામાંથી કુલ રૂપિયા ૨૦,૫૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એમ.સોલંકી ચલાવે છે.

**સરદારનગરઃ** (૧) આશુતોષ રાકેશકુમાર ત્રિવેદી (ઉ.વ.૪૦) (રહે.શિલ્પગ્રામ સોસાયટી નાના ચિલોડા) એ તા.૩૦/૦૬/૨૦૨૦ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૬/૨૦૨૦ સાજના ૫/૨૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૮૫૯૫૫૬૦૨૩૯ ના ધારકે આશુતોષ ત્રિવેદીને ફોન કરી એક્સીસ બેન્ક કસ્ટટમ કેર માંથી અંકિતા બોલુ છું તેવુ જણાવી આશુતોષ ત્રિવેદીના એક્સીસ બેન્કના ક્રેડીટ કાર્ડની લીમીટ વધારવાનુ કહી ક્રેડીટ કાર્ડની માહીતી તેમજ ઓટીપી નંબર મેળવી ક્રેડીટકાર્ડમાંથી રૂપિયા કુલ રૂપિયા ૯૦,૯૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

**સરદારનગરઃ** (૨) ભાવીકાબહેન ડો/ઓફ ભાગચંદભાઇ ગનવાણી (ઉ.વ.૨૩) (રહે.ભાગ્યોદય સોસાયટી રામદરબાર નજીક બંગ્લા એરીયા કુબેરનગર સરદારનગર) એ તા.૩૦/૦૬/૨૦૨૦ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૧/૨૦૨૦ કલાક ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘર આગળ ઈજાગ્રસ્ત એક વાંદરો બેઠેલ હતો જેથી ભાવીકાબહેને એનીમલ કેરમાં ઓનલાઇન ગુગલ એપ માંથી એનીમલ કેરનો નંબર સર્ચ કરતા ૦૬૨૯૦૦૦૫૦૧૫ આવેલ જે નંબર ઉપર ફોન કરી જણાવતા એનીમેલ કેરમાંથી જણાવેલ કે તમને બીજા એક નંબર પરથી કોલ આવશે તમે તમારુ રહેણાંક સ્થળનુ સરનામુ આપજો તેમ કહી ફોન મુકી દિધેલ બાદ થોડીવાર પછી મોબાઇલ નંબર ૮૪૦૧૮૬૯૩૮૨ ઉપરથી ફોન આવતા એનીમલ કેરમાથી બોલુ છુ તેવુ જણાવી નામ સરનામુ માગી એક લીંક મોકલી તેમા રૂપિયા ૧૦ જમા કરાવાનુ કહેતા ભાવીકાબહેને રૂપિયા ૧૦ જમા કરાવતા ભાવીકાબહેનના એસબીઆઈ બેન્કના ખાતામાંથી કુલ રૂપિયા ૩૭,૨૮૦/- તથા એચડીએફસી બેન્કના ખાતામાંથી ૬૦૦/- રૂપિયા મળી કુલ રૂપિયા ૩૭,૮૮૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.બી.બારડ ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** મનીષભાઇ દિનેશભાઇ સોલંકી (ઉ.વ.૩૦) (રહે. રાયખડ પોલીસ લાઈન) એ તા.૩૦/૦૬/૨૦૨૦ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૬/૨૦૨૦ કલાક ૯/૪૫ થી તા.૨૬/૦૬/૨૦૨૦ કલાક ૧૦/૫૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૭૦૪૪૪૦૪૨૫૮ ના ધારકે સંજય શર્મા નામ જણાવી તેમજ મોબાઈલ નંબર ૯૧૩૫૩૧૧૩૨૧ ના ધારકે નિતિનકુમાર સિંઘ નામ જણાવી મનીષભાઈ સોલંકીને જણાવેલ કે તમે સ્નેપડીલ કંપનીમાં મેગા ઓફરમાં પ્રથમ ઇનામ ટાટા સફારી માટે સિલેકટ થયેલ છો એવો મેસેજ કરી વિશ્વાસમાં લઇ મનીષભાઈ પાસેથી ચાર્જ પેટે કુલ રૂપિયા ૨૯,૯૫૦/- ગુગલ પે થી ટ્રાન્સફર કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.આર.બંસલ ચલાવે છે.

**વાડજ**: અલ્પેશભાઇ દુર્ગાકુમાર પંડ્યા (ઉ.વ.૩૫) (રહે.ગામ આદરીયાણા તા-પાટડી જી-સુરેન્દ્રનગર) એ તા.૩૦/૦૬/૨૦૨૦ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૪ થી સને ૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન નવા વાડજ વ્યાસવાડી ચાર રસ્તા પાસે શીવાનંદ કોમ્પલેક્ષ એફ/3 પહેલો માળ ખાતે આરોપી (૧) શૈલેષભાઇ પબાભાઇ રથવી (રહે. ગામ આદરીયાણા ગામ-પાટડી જી-સુરેન્દ્રનગર) (૨) બળદેવસિંહ ભાણકભાઇ ધાધલ (રહે. ૨૩૦ નંદીગ્રામ સોસાયટી જેસરરોડ સાવરકુંડલા રોડ જી-અમરેલી) એ ભેગા મળી જય ખોડીયાર મિત્રમંડળના એજન્ટોને લોન લેવા બાબતે બે કોરા ચેક આપી અને કુપન ખરીદી અંતર્ગત રૂપિયા ૧૧,૦૦,૦૦૦/- રોકણ કરેલ તે પૈકી રૂપિયા ૬,૦૦,૦૦૦/- પરત આપી બાકીના રૂપિયા ૫,૦૦,૦૦૦/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.પરમાર ચલાવે છે.

**સોનાની ચેઇન તોડી લઈ ગયા :-** **સમાચાર યાદી નં.૧૦૭૫/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટ**: વ્યાપ્તિબહેન જીજ્ઞેશભાઇ પટેલ (ઉ.વ.૪૦) (રહે. સ્કાયલાર્ક એપાર્ટમેન્ટ નીલગીરી ચોકડી પાસે સોલા) તા.૩૦/૦૬/૨૦૨૦ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે સોલા સ્કાયલાર્ક એપાર્ટમેન્ટ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ વ્યાપ્તિબહેન પટેલના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૭૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વ્યાપ્તિબહેન પટેલે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.વસાવા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૭૬/૨૦૨૦**

**એલીસબ્રીજ**: નેહલભાઇ ભાવેશભાઇ સોની (ઉ.વ.૨૩) (રહે. તૃપ્તી એપાર્ટમેન્ટ બળીયાવાસ અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૬/૨૦૨૦ રાતના ૯/૩૦ વાગ્યા પહેલા એલીસબ્રીજ બ્રીજ હોટલના રૂમ નંબર-૧૦૨ ખાતે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનોદભાઇ બાબુભાઇ ચલાવે છે.

**બાપુનગર**: ઉત્તમસિહ કેસરસિહ રાજપુત (ઉ.વ.૪૦)(રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ નવનાથ મહાદેવ મંદીરની બાજુમાં) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૬/૨૦૨૦ બપોરના ૨/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એ.બારોટ ચલાવે છે.

**અમરાઇવાડી**: અરૂણાબહેન શામ નિકુભ (ઉ.વ.૪૬) (રહે. આસોપાલવનગર હાટકેશ્વર અમરાઇવાડી) એ આર્થિક સંકડામણને લીધે મનમાં લાગી આવતા તા.૨૯/૦૬/૨૦૨૦ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.પી.રાવ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી